# આનંદઘન – ભારતીય આધ્યાત્મ ચેતનાનો તેજોમય આવિષ્કાર

- ડૉ. દલપત પઢિયાર

ભારતીય ચિરંતર અંતર સાધના પ્રાચીનકાળથી આપણે જાણીએ છીએ તેમ એકધારી વહેતી આવી છે. આ સાધના, આ ચેતના ધારાએ આદિકાળથી આજ સુધી તેની યાત્રામાં દેશકાળ અનુસાર અનેક ચેતનારૂપો પ્રગટાવ્યાં છે, અને આપણે નિહાળ્યાં છે. ચેતના અનેક સ્વરૂપે, અનેક આવિષ્કાર રૂપે આ જગત, વિશ્વ સમક્ષ પોતાના આવિષ્કારો પ્રગટાવતી રહે છે. આપણા અનેક સંપ્રદાયો, અનેક ધર્મો, અનેક પંથો, અનેક પ્રવાહો, અનેક સાધનાધારાઓએ આપણી ચિરંતર ચેતનાધારાને પોતાની રીતે ઝીલી છે, જાળવી છે, અને શણગારી છે. એટલે આ સાધના વિશે બહુ માંડીને વાત થઈ શકે પણ આ મૂળ ભારતીય દર્શનની ભૂમિકા છે. અને આ બધામાં આ ધારાને સંતો દ્વારા જે અનુભવ મળ્યો છે આ ચેતના ધારાનો એ વિશિષ્ટ અનુભવ છે. આપણી આ અધ્યાત્મ સાધના ધારાને સંતોએ જે રીતે તેડી અને ખેડી છે એનો કોઈ બીજો જવાબ નથી, આ સંતોએ એને અંદરથી તેડી છે અને એને બહુ ગજબ રીતે ખેલી છે. સંતોનું દર્શન પણ આવી ભૂમિકાનું છે, અને સંતોની એ દર્શનની અભિવ્યક્તિની પણ પોતાની નવી સર્જનની ભાષા છે. એટલે આ સંતોને સમજવા માટે, આ સંતોને માણવા માટે એમના જીવનને અને એમની વાણીને આપણે જાણવી અને માણવી રહી.

ભારતીય આધ્યાત્મિક ઇતિહાસમાં આ સંતોનો એક આખો મોટો ત્રણથી ચાર સદીનો સમય મધ્યકાળને મળ્યો છે. અને મધ્યકાળના સમયને આપણે, આપણા ઇતિહાસકારોએ, **"સંતોની વસંત"** તરીકે ઓળખાવે છે. સંતો બહુ પહેલેથી છે, પણ આ મધ્યકાળમાં આપણને એક સામટા ભારત વર્ષના તમામ પ્રાંત, તમામ પ્રદેશો, સમાજ, દરેક ભાષા, ખાસ કરીને છેવાડાના સમાજમાંથી જે આપણને સંતોની શ્રેણી પ્રાપ્ત થઈ છે, જેમ વસંતમાં ફૂલો પુરવાર ખીલે તેમ મધ્યકાળમાં સંતોની આખી વસંત ભડકી ઉઠી છે. એટલે એ સંતોની વસંત તરીકે ઓળખાવી છે. અને આ સંતોની સાધના એ લોકો સાથે, લોકોના હૃદય સાથે, લોકોના મન સાથે, લોકોની ચિત્તપ્રજ્ઞા સાથે સીધી જોડાયેલી અને તેને પહોંચાડનારી જે ભાષા છે, એ સંતોએ લોકોની ભાષા એટલે લોકભાષામાંનું ઘડતર કર્યું છે. એટલે સંતોએ ખેડેલી આ વાણીને આપણે દરેક સમયે માણતા આવ્યા છીએ. આ મધ્યકાળના સંતસાહિત્યમાં સંત આંદોલનનું, ભક્તિ આંદોલનનું જે સ્વરૂપ છે, એને તમામ પ્રકારના કોઈપણ જાતિ -પાતિ, પંથ,

પ્રદેશ, ભાષાના ભેદથી રહિત ભારતીય ચેતનાની એકતા અને અખંડતાની આખી આગવી છાયાનું બીજું સ્વરૂપ છે, એટલે સંતોના ભક્તિ આંદોલન દ્વારા આપણને એક-એક આખો મોટો પ્રદેશ, અભિવ્યક્તિ દર્શન પ્રદેશનો અનુભવ એમની વાણી દ્વારા મળ્યો છે. આ અધ્યાત્મ સાધનાને કાંઠે આપણને મધ્યકાળમાં આનંદઘન મળ્યા છે. આનંદઘનજી જૈન ધર્મ સાધનાને જે અનેક સ્વરૂપે, અનેક સંતરૂપે, અનેક ઋષિમુનિઓ રૂપે ભેટ મળી છે, એમાંના એક મહાન સાધુ-સંત છે, અવધૂત યોગી છે.

- **જીવન:**

આનંદઘનનો જન્મ ઐતિહાસિક દ્રષ્ટિએ ૧૭મી સદીમાં થયાનો અભ્યાસુઓએ નોંધ્યું છે. એમનું જન્મસ્થળ, જન્મ સમય, એમના અવસાન સમય, એમના અવસાન સ્થળ, તેમના માતા પિતા કોણ? એ બધા સમય, એ બધી વિગતો અંગે બહુ આધારભૂત વિગતો પ્રાપ્ત થતી નથી પણ જે થઈ છે એના આધારો આપણે જોઈએ.

જૈન સાહિત્યમાં ૧૭મી સદીમાં આનંદઘનજી સાથે સાથે હજી બે મોટા નામ આવે છે, એ છે સત્યવિજયજી અને બીજા યશોવિજયજી. આપણને આ ત્રિપુટી ૧૭મી સદીમાંથી મળે છે. એટલે એના આધારે કેટલીક બાબતો આપણે જોઈ શકીએ કે આનંદઘનજી નો સમય શું? એમનો સમય શું? એમના માતાપિતા કોણ? આનંદઘનનું કાર્ય ક્યાં ક્યાં અને કેટલા પ્રકારનું? એના જન્મ વિશેની વાતમાં પહેલો સંદર્ભ સાંપડે છે, એ યશોવિજયજીએ રચેલી અષ્ટપદી છે. યશોવિજયજી ૧૭મી સદીના મધ્યકાળના બહુ તેજસ્વી, જ્ઞાની અને તપસ્વી સાધુ સાધક છે. અને મૌલિક માર્ગના પ્રવાસી છે કહેવાય છે કે યશોવિજયજી આનંદઘનજી ને મળેલા અને એમના મિલનની સ્મૃતિ રૂપે તેમણે તેમના મિલનના આનંદને વ્યક્ત કરતી અષ્ટપદી રચી છે. એ અષ્ટપદી આનંદઘનજીના વ્યક્તિત્વનો, પરિચયનો પુરાવો છે. આનંદઘનજીનો તેઓ આટલો બધો એ આદર કરે છે એ ન્યાયે આનંદઘનજી યશોવિજયજી કરતા વયમાં મોટા હશે એવું અનુમાન થાય છે. આનંદઘનજીના આ કાળ નિર્ણય માટે યશોવિજયજીની પાદુકાના આવકના આધારે યશોવિજયનો જન્મ વિક્રમ સંવત ૧૬૭૦માં થયાનો નોંધાયો છે, આ ધ્યાને લેતા યશોવિજયજી આનંદઘનજીના સમકાલીન હશે એવું અનુમાન થઈ શકે છે. અને આનંદઘનજી યશોવિજયજી કરતા થોડા વર્ષો મોટા હશે એવું અનુમાન થઈ શકે છે.

બીજો એક સંદર્ભ છે કે આનંદઘનજીનું મૂળ નામ **લાભાનંદ** છે. અને સત્યવિજયજી એમના ગુરૂ બંધુ એટલે મોટાભાઈ હતા એવો એક સંદર્ભો સાંપડે છે. સત્યવિજયજી પણ એક બહુ મોટા સાધક

અને જૈન શાસનની એક મોટી પ્રતિભા હતી. બહુ મૌલિક અંદરની તટસ્થતા વાળા અને આત્મપ્રતિતીને અનુસરનારા સંવેગી મુનિ હતા.

સત્યવિજયજીનો જન્મ પિતા વીરચંદ ભાઈ, માતા વીરદેવની કૂખે થયાનું નોંધાયું છે. સત્યવિજયજીનું મૂળ નામ **શિવરાજ** હતું. વિક્રમ સંવત ૧૬૭૧માં એમણે માતા-પિતાની રજા લઈને તપાગજના બીજા વિજયસિંહસૂરિ પાસે દીક્ષા લીધી હતી અને સુરિશ્વર મહારાજે તેમનું દીક્ષા નામ **આનંદઘન** પાડ્યુ હતું. એટલે સત્યવિજયજીની **જન્મસાલ ૧૬૫૬** ગણાય છે, તો જો સત્યવિજયજી એમના મોટાભાઈ હોય તો આનંદઘન તરીકે એમના લઘુ બંધુ થયા હોવાનું એક પ્રમાણ મળે છે. અને આ રીતે સત્યવિજયજીના માતપિતા જે છે, એ જ માતા-પિતા આનંદઘન સત્યવિજયજીના લઘુબંધુ હોય તો આનંદઘનજીના ઠરાવી શકીએ. એટલે આ અર્થમાં આપણને આટલો સંદર્ભ એમના જીવન વિશેનો મળે છે. અને વિક્રમ સંવત ૧૭૫૬માં પાટણમાં અનશન સ્વીકારી સત્યવિજયજી કાળધર્મ પામ્યા હોવાનું અભ્યાસમાં જણાવ્યું છે.

ત્રીજો એક સંદર્ભ છે કે, આપણા અમદાવાદના શેઠ હઠીસિંગના ધર્મ પત્ની હરકુવર શેઠાણી ખૂબ જ ધર્મપ્રેમી હતા અને તીર્થયાત્રા સંઘ કાઢતા હતા. એમાં ત્રીજો યાત્રા સંઘ કાઢેલો હતો અને તેનું નામ સમેતશિખરનો સંઘ હતું. તેના વિશે વીરવિજયજી મહારાજના શિષ્ય સમેત શિખર તીર્થના ઢાળીયા લખ્યા છે. આ તીર્થના ઢાળીયામાં સંઘના વર્ણનની અને સમગ્ર તીર્થ વિગતોની સાથે સત્યવિજયજીની સાથે સાથે લઘુબંધુ લાભાનંદ એટલે આનંદઘનજીની વિગતો પર પ્રકાશ સાંપડે છે. સરવાળે એટલી વિગત આપણે ઠરાવી શકીએ કે, આનંદઘન ૧૭મી સદીમાં થયા હશે, તેમની જન્મભૂમિ, તપોભૂમિ, કર્મભૂમિ અને નિર્વાણભૂમિ **રાજસ્થાન** છે. ગુજરાત સાથેનો તેમનો ઋણાનુબંધ મીરાની જેમ અનોખો છે. અધ્યાત્મસાધનાના મહાન સંત હતા. નિજમસ્તીમાં લેવા અવધૂત યોગી તરીકેનું વ્યક્તિત્વ હતું. રાજસ્થાન અને ગુજરાત એમના સવિશેષ ભ્રમણ ક્ષેત્ર રહ્યા છે. એટલી તેમના જીવન અંગેની માહિતી મળે છે.

ઇતિહાસ, અનુવંશ, દેશકાળ આ બધાના આધારે જે તે વ્યક્તિની પ્રતિભાની આપણને વિગત મળે એ જરૂરી છે, ઉપયોગી પણ છે, પણ એ મળે તો સારું, ન મળે તો આ વિગતો જ એમનો આખરી પરિચય છે એવું નથી. સંતોનો પરિચય તો સંતોની વાણી છે. એટલે સંતોની બાબતમાં આપણે ત્યાં એક કહેવત છે કે, **"નદીનું મૂળ અને ઋષિના કુળ શોધવુ નહીં"** શોધવું તો એને બહુ ખણખોદ કરવી નહીં, નહિતર બીજા પ્રશ્નો છે.

આનંદઘનજીની અવધૂત કક્ષાની જે ઊંચી અવસ્થા હતી, એ એવી ગતિએ પહોંચ્યા હતા કે એમના વિશે અનેક દંતકથાઓ, ચમત્કારોની વાતો પ્રચલિત છે. ઘણા બધા ચમત્કારો છે. એમાંથી એક ચમત્કાર આપણે જાણવો જોઈએ. સામાન્ય રીતે બધા સંતોને આ ચમત્કારોનો વારસો લાગેલો છે. સંતો જોડે ચમત્કારો જોડાયેલા છે. એ સંતો એના પર અવલંબિત નથી પણ સંતો પાસે જ આ જઈ શકે એમ છે.

- **<u>દંતકથા:</u>**

આ ચમત્કારો શા માટે છે? તો સંતોના જીવનમાંથી ચમત્કારોને બિલકુલ રદ કરી શકાય એમ નથી પણ એ વાતોનો જે મર્મ છે, એ વાતો પાછળ જે ઈશારાઓ છે, સૂચન છે, એ સમજવાની જરૂર છે. દા.ત., આ એવા અવધૂત યોગી હતા કે એને બહારની કે દુનિયાની કોઈ બાબતની પડી ન હતી. એ અંતરના રાજના અવીર ચક્રવર્તી હતા, બધી સિદ્ધિઓ પાર કરેલા અવધૂત માણસ હતા. એટલે એને બહારની કોઈ વસ્તુ ચલિત કરી શકે એમ નહોતી કારણ કે સંતો અચલ છે. આવી કથાઓ એમના સાથે જોડાઈ એ એમના વ્યક્તિત્વને જુદી રીતે ખીલવે છે અથવા જગાડે છે.

એવું કહેવાય છે કે એમની પાસે એમના સમયના કોઈ એક સિદ્ધયોગી કે કોઈ સાધક એણે જે રસ સિદ્ધિના, સુવર્ણરસ સિદ્ધિના એક બહુ મોટા જાણકાર હતા, કે જેનાથી સોનુ બને, એ છાંટવાથી સોનુ બને. એમને આનંદઘન સાથે પરિચય હશે એટલે એ સુવર્ણ રસ સિદ્ધિની શીશી એમના સેવક સાથે આનંદઘનને દેવા મોકલી, એ સેવક ગયો પછી શીશી આપી એટલે સાવ ફાટ થઈ ગયેલો યોગી એને ખબર પડી. એટલે એણે આ બધું જોયું કે આ જગત અહીં જ ઊભું છે.

આ મુક્તિ શું અને અષ્ટ સિદ્ધિ શું? આ બધાને ઠોકર મારીને ઊંચે ખેલનારા આ અવધૂતો છે. એણે શીશીને ફેંકીને તોડી નાખી પેલાને થયું કે, આવી મોટી ચીજને ફેંકી દીધી અને કિંમત ન કરી. કહેવાય છે કે આનંદઘન સ્વામી પત્થરની જે ચટ્ટાન ઉપર હતા ત્યાં લઘુશંકા કરી અને એ લઘુશંકાનો રેલો જ્યાં જ્યાં ગયો છે; જે પથ્થર પર ગયો તે બધું સોનાનું થઈ ગયું. જે લઇને આવ્યો એને સમજાયું કે આ વસ્તુનું જે મોલ હતું એના કરતા કંઇક વિશેષ વસ્તુ એને સમજાઈ ગઈ. એટલે અહીં તોડવા ફોડવાની વાત નથી, સંતોને એ જ કહેવું હતું કે જગત જ્યાં ઊભું છે ને જ્યાં ગામ ઘેલું થયું છે એને માટે હું કંઇ નથી; એના માટે એની લઘુશંકા પણ સુવર્ણથી આગળ છે, આ ધિક્કારનો કે એવો કોઈ ભાવ નથી. સંતોના આ વ્યક્તિત્વ છે એટલે સંતોના વ્યક્તિત્વ સાથે જોડાયેલી આ બાબત છે આપણે

સમર્થન કરવું જ નથી, દંતકથાઓને આવી ચમત્કારો અને સંતોના આધારે ઉભા પણ નથી. પણ જે વસ્તુ છે એને જોવી પડે, બહુ તટસ્થતાપૂર્વક એના ભાવને સમજવા પડે એવું છે.

સંતો સમાજને શીખવે છે. સંતોએ આ સમાજને ઘડ્યો છે, પોતાની આચાર સંહિતાથી ઘડ્યો છે. અને પોતાની વાણીથી તેમના ગયા પછી પણ આ ભારત વર્ષમાં જનતાના મનનું ઘડતર કર્યું છે, સંસ્કરણ કર્યું છે, એને જીવતુ રાખ્યું છે. સંતોની વાતો એ જ ચમત્કાર છે, સંતોની વાણી સિવાય બીજો મોટો કોઈ ચમત્કાર નથી.

મકરંદભાઈ ખૂબ સરસ સંતોની સમજણ આપતા કહે છે કે, "મરેલી ગાય ઉપર જળની અંજલી છાંટવાથી ગાય કદાચ જીવતી થઈ જાય, પણ એ મરેલી ગાય જીવતી થાય એ ચમત્કાર નથી. પણ જેસલ જેવા જેસલમાં જે એનો અંદરનો માણસ મરી ગયો હતો, એ કોઈની વાણી અંજલીથી જાગી જાય એ ખરો ચમત્કાર છે" એટલે સંતોના ચમત્કારોની, સંતોની વાણીની આ બલિહારી છે.

આનંદઘન સાથે બીજા પણ ચમત્કારો જોડાયેલા છે. તેમના ગયા પછી પણ જે કેડીઓ એ ખોદતા જાય છે, આપણે તેની ઉપર ચાલવાનું છે. અને આ થોડી એમની ચમત્કારોની નહિ પણ એમના વ્યક્તિત્વની વાત જોયા પછી હવે એમના સાહિત્યની વાત જોઈએ.

- **સાહિત્ય :**

આનંદઘનનું રૂપ, આનંદઘનની પ્રતિભા, આનંદઘનનું નામ, ગામ, ઠેકાણું, જાતિ, વર્ણ, વર્ગ એ એની વાણી છે. ઉચ્ચકોટીના એ સંત હતા અને તેમણે જે સર્જન આપ્યું છે એ સર્જન અદભુત સર્જન છે, એ એની આત્માપ્રતીતિનો આવિષ્કાર છે. અધ્યાત્મસાધના અને અનુભવ દર્શનનું આત્મપ્રતીતિ પૂર્વકનું ભાષામાં જે નિરૂપણ કર્યું છે, એ આ સંતોએ કર્યું છે અને એમાં આનંદઘન અજોડ છે.

મુખ્ય બે સ્વરૂપમાં એમનું સાહિત્ય આપણને મળે છે. એક આપણને એમણે રચેલા ૨૨ જેટલા સ્તવનો સાંપડ્યા છે. આ સ્તવનો રૂઢિ વ્યંજન કરતાં પણ બહુ મૌલિક છે. સામાન્ય રીતે જૈન સ્તવનોની પરંપરા મુજબ તીર્થંકરોનો મહિમાગાન એની એક પરીપાટી બંધાયેલી હતી. આનંદઘને આ પરિપાટીને જુદુ સ્વરૂપ આપી અને પોતાની છાપ ઉપસાવી છે. આ એક મોટું અર્પણ છે.

બીજું જે સાહિત્ય અર્પણએ આનંદબહોતેરીના રૂપમાં તેમણે રચેલા ૭૩ જેટલા પદો છે. આ ૭૩ પદો, આ વાણી એ આપણો અમૂલ્ય વારસો છે, આ જ આપણી ચેતનાનો ઉતારો છે; આ જ

આપણી અધ્યાત્મ સાધના છે; ભાથું ગણીએ એ છે. આ સ્તવનો અને આ ભજનવાણીમાં આપણને આનંદઘનનો બહુ જ વિશિષ્ટ સર્જક તરીકેનો પરિચય મળે છે. તેમના પદોમાં એમની અવધૂતની વાણી એવી ઉભરાતી વાણી છે. અને આ કવિઓ ગાવા નથી બેઠા, એમનાથી ગવાઈ ગયું છે એમ આપણે કહેવું પડે છે. એને કવિઓએ લખ્યું નથી; આ બધી મૌખિક પરંપરા અને સમૃદ્ધિ છે એટલે અંદરની અનુભૂતિ છલકાઈ હશે અને પછી વ્યક્ત કરી ગયા હશે. સરસ કહેવાયું છે કે,

**"વેદ ન જાણું, કટેબ ન જાણું,**

**જાણું ન લક્ષણ છંદા, તરકવાદ વાદ-વિવાદ ન જાણું, ન જાણું કવિ ફંદા"**

સંતોને કવિ થવું જ નથી, એ કવિ થવા માટે એમના પદોનુ અનુસર્જન કર્યું જ નથી, એમને તો એમના અનુભવોને ગાવા છે, પોતાના આનંદ માટે ગાવા છે, અને એ જે જગતને જોઈ રહ્યા છે, એ જગતને જગાડવો છે એટલે એને લગતા એમના ઉદગારો થયા છે. એટલે એમની વાણી જાગૃતિની છે, અનુભવ અને આનંદની પણ છે. આનંદ નામ જ અનુભવની ચરમ-સીમાની સ્થિતિ છે. છંદમાં કવિતા નથી થતી એવું નથી, પણ છંદ વગર પણ કવિતાનો આવિષ્કાર છે, એ આપણા કાવ્ય સર્જનની એક મોટી પ્રતિષ્ઠા છે. એટલે કવિઓને એમણે ફંદબાજ કીધા છે. એટલે આપણે ગાનારા છીએ, માત્ર શાસ્ત્ર, વ્યાકરણ કે તેનો અભ્યાસ પુરતો નથી, માહિતી પૂરતી નથી, જ્ઞાન પૂરતું નથી. આ અનુભવને જેણે ગાયો છે, એણે વગાડ્યો છે, આ સંતો પોતાની અનુભૂતિને, અભિવ્યક્તિને વરેલા સંતો છે. આનંદઘનને, એની વાણીના કેટલાક ભાગ વિચારીએ તો એની ચેતવણીની વાણી છે, પ્રેમલક્ષણાની વાણી છે, આત્મઅનુભવ દર્શનની વાણી છે. ચેતવણી વાણીની થોડી વાત કરીએ.

- <u>ચેતવણીની વાણી:</u>

આ બધા સંતોએ મનુષ્ય અવતારને બહુ જ મહત્વનો જાહેર કર્યો છે, અને કહ્યું છે કે, આ અવસર બહુ વાર મળે એમ નથી એ સરસ કહે છે, કે

**"અવસર બહેર નહીં આવે, અવસર બહેર બહેર નહી આવે,**

**જ્યું જાણે તે કરીએ ભલાઈ, જનમ જનમ સુખ પાવે"**

આ પંક્તિમાં બહેરનું પુનરાવર્તન બહુ જ સાર્થક પુનરાવર્તન છે. આ જનમ મળ્યો છે, તો ભલાઈ કરી લે, આ જે સુખ છે, તે આત્માનું સુખ છે, આત્મપરિચયનું સુખ છે તે મેળવી લે, શરીર માધ્યમથી આ ધર્મ સાધના માટે મળેલ અવસર છે તે માણી લે. અને બીજું સરસ કહે છે કે

**"ક્યાં સોવે, ઉઠ જાગ ભાઉ રે**

**અંજલી જલ જઉં આયુ ઘટક હે,**

**દેખ પહેરિયા દરિયે ગાઉં રે"**

ઉઠ, આ જાગવાનો સમય છે, મનુષ્ય અવતાર રાત્રિ ગયા પછી જાગવાનો અવસર છે, દહડાનો સમય છે. તું ઉઠ. ખોબામાનું જળ જેમ ટીપે ટીપે સારી રહ્યું છે, તેમ પ્રતિદિન પ્રતિપળ આ મનુષ્યનો અવતાર તારો ઘટી રહ્યો છે, તું એને આ નાશવંત શરીરમાં શાશ્વતની સાધના કરી લે અને એ આ જ અવતારમાં શક્ય છે, આ મરણશિલ મનુષ્યના શરીરમાં જ અમૃતનો અનુભવ કર્યો છે. આ શરીરમાં આ માધ્યમને ઉતરેલી ચેતનાઓ છે માધ્યમ છોડી દીધા પછી આ સંતો પોતાનો ઉતારો વાણીમાં મૂકીને જાય છે. શરીર માધ્યમ તો નાશવંત છે, પણ વાણીનું રૂપ શાશ્વત છે. અને એ રીતે આનંદઘન જ કહી શકે કે "અબ હમ અમર ભયે, ન મરેંગે" આત્માપ્રતિતીની ચરમ સીમાએ પહોંચેલા જ કહી શકે. સંતોની વાતમાં મરીને જીવતા થવાની કલાના આનંદ નિર્દેશો છે. જીવનની આ કળા વડે જ તેઓ મરણને ઊજવી શકે. અને એ જ કહી શકે કે, "અબ હમ અમર ભયે ન મરેંગે"

- **<u>પ્રેમલક્ષણા ભક્તિવાણી:</u>**

આનંદઘનની પ્રેમલક્ષણા ભક્તિ એ અદભુત ઊર્મિની ભક્તિ છે, પ્રેમનો સાગર ઉમટયો છે. અને આપણા સંતો માટે તો પ્રેમ સિવાય બીજી કોઈ ચીજ જ નથી, પ્રેમ જ એનો પરમાત્મા છે, પ્રેમ જ એની પ્રતીતિ છે, પ્રેમનો જ એમનો ઉતારો છે, અને પ્રેમ જ એમનું ઉદ્વન છે બધુ પ્રેમ કહેવાય છે. આ પંડિતોની વાત નથી, આ તો પ્રેમીઓને દેશ છે અને પ્રેમીઓએ ગાયેલી વાણી છે. એટલે પંડિતોને નથી સમજાતી. સંતોની વાણી પંડિતોને સમજાય છે, એના કરતાં પ્રેમઓને વધારે સમજાય છે કારણકે પંડિતોને કરવો છે અર્થ અને લોકોને કરવો છે, પ્રેમ એટલે સામાન્ય લોકોએ પંડિતો કરતાં સંતોને વધારે માણ્યા છે.

પ્રેમલક્ષણામાં અઢળક પદો છે. આનંદઘનનો સ્વામી તો ઋષભ જિનેશ્વર પ્રિતમ છે. તેઓ કહે છે,

**"ઋષભ જિનેશ્વર પ્રીતમ મારો રે,**

**ઔર ન માનું કંથ, મુને મારું કબ મિલશે મનમેલું,**

**મનમેલું વણ કેલી ન કરીએ, વાલે કવલ કોઈ વેલું"**

મારો તો ઋષભ જિનેશ્વર પ્રીતમ છે, મારો સ્વામી મારો કંથ, મારું સર્વસ્વ છે, બીજું કોઈ નથી, અને એમાં એ વગડયા છે, એમાં ભણ્યા છે, એમાં ખીલ્યા છે. અહીં એની ભક્તિ જુદા પ્રકારની છે, અને ભાષા પણ અદભુત છે. મને મારો મનમેલો ક્યારે મળશે? અહી જિનેશ્વરને યાર કહે છે, મનમેલું એટલે મનનો મેળવી.  અહીં જીવવું, જાગવું, ખાવું, પીવું એ બધી પ્રવૃત્તિઓ મિથ્યા છે, રેતીના ફળિયા વાળતાં હોઈએ એવી છે, નિરર્થક છે. બીજું એક સરસ પદ છે, દુનિયાને તો લાગે આ શું બાવરી બાવરી કરતાં હોય તો તેણે દુનિયાને આવું કહ્યું છે,

**"હસ્તી તબ હું વિરાનીયા, દેખી તન મન છીજો હું,**

**સમજી તબ એતી કહી, કોઈ નેહ ન કીજો હો"**

હું પેલા બધી વેરાગનોને ગમાર અને બાવરી ગણતી હતી અને ખીજ ચડતી હતી પણ એમાં જ્યારે હું જ પડી, ત્યારે કહું કે કોઈ સ્નેહ ન કરજો. અહી રાજસ્થાની સંસ્કૃતિનો એક રણકો આવે છે, આ પોતાની વાત કહે છે, કારણ કે પ્રેમમાં તે ઘાયલ થયા છે, પ્રેમનું બાણ તેને વાગ્યું છે. બીજી એક પંક્તિ નીચે પ્રમાણે છે,

**"નિશી અંધિયારી મોહી હશે રે, તારી દાત દિખાય, ભાદુ કાદુ મેં કીયો પ્યારે, અસ્વહની ધાર વહે"**

આ અંધારી રાત્રિ તારા જાણે દાંત કાઢીને મારી હાસી ઉડાવે છે, આ નિરૂપણ, કલ્પના છે. આઠમા ભાદરવામાં વિરહના આંસુ સર્યા છે, અને આખી ધરતી ભીંજાવી છે, આંસુના જલથી આખો ભાદરવો માર્ગ કાદવ કાદવ થઈ ગયો છે. આ આપણા સંતોની અનુભૂતિની વાણી છે, આ એમણે છેડેલી ભાષા છે.

અહી દુઃખ પણ આનંદનો જ પર્યાય છે, એ પણ એમને વેઠવું જ છે, દુઃખ પણ આનંદનું જ રૂપ છે એમ એમને કહેવું છે.

આમ સંતોની વાણીને, એમના પ્રેમને નમન, એમની પાસે પ્રેમ સિવાય બીજી કોઈ પારસમણિ નથી.

આનંદઘનએ કોઈ સંત, મહાત્મા, સાહિત્યકાર કરતાં પણ આત્મસાક્ષાત્કારનું એક નામ છે, એક મુકામનું નામ છે.

*********************************